ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



પ્રીતિબેન રાવલ
સભ્ય, સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ



રમાબેન ઠાકર
ફોન : ૨૩૨૪૧૦૧૬



મિરાલી શૈલેષકુમાર સુથાર
મો. ૯૬૦૧૯૩૦૭૭૧



કમલેશ એસ બેન્કર
પ્રમુખ, વોર્ડ-૭, ભાજપ
મો. ૯૭૧૪૫ ૪૭૪૭૨



ધ્રુવિલકુમાર કનુભાઈ થારેસા
મો. ૮૭૩૫૮ ૮૩૯૧૨



જયરાજસિંહ આર. ઠાકોર
મો. ૯૮૨૪૭ ૨૧૧૮૪

### ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે

## બે દિવસીય કૉન્ફરન્સનો આરંભ



ગાંધીનગર, તા. ૫

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે બે દિવસીય કૉન્ફરન્સનો આરંભ સોમવારે સવારે કરવામાં આવ્યો હતો.

'એન્વિઝનીંગ ધ બ્રેઈન માઈન્ડ -એ મલ્ટીડિસિપ્લીનરી એપ્રોચ' થીમ આધારિત આ કોન્ફરન્સનું આયોજન ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના ઈન્સ્ટીટ્યુટ ઓફ બિહેવીયરલ સાયન્સ, ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને બાળ સંરક્ષણ સોસાયટી તથા યુનિસેફના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન એનઆઈએમએચએએનએસ, બેંગ્લોરના ઉપકુલપતિ પ્રૉ. બી એન ગંગાધરન અને સ્વામી વિદિત્માનંદ સરસ્વતીજીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

મગજ અને મનના સંબંધો સમજવા આ કોન્ફરન્સ આયોજિ કરવામાં આવી છે, જેમાં ધર્મ, યોગા, પ્રાણાયામ અને વિજ્ઞાનની દૃષ્ટિએ મગજ અને મનને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કોન્ફરન્સના મુખ્ય અતિથિ પ્રૉ. ગંગાધરને યોગ અને પ્રાણાયામથી માનસિક રોગોનું નિવારણ કરી શકાય છે એ બાબતની વિગતવાર માહિતી આપી હતી અને આગામી સમયમાં આ બાબત સમાજને બહુ ઉપયોગી નીવડશે એમ પણ જણાવ્યું હતું.

પૂ. વિદિત્માનંદજીએ વેદાન્તની દૃષ્ટિએ મનના વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. વિજ્ઞાનની મર્યાદા પૂર્ણ થાય છે ત્યાંથી આધ્યાત્મિકતા શરૂ થાય છે, એમ જણાવી તેમણે વિજ્ઞાન અને ધર્મ-આધ્યાત્મિકતા ઉપર વેદાંતમાં કરવામાં આવેલા ઉલ્લેખની સમજ આપી હતી. આ પ્રસંગે યુનિવર્સિટીના મહાનિયામક ડૉ. જે એમ વ્યાસ, રજિસ્ટ્રાર સી ડી જાડેજા, ફૅકલ્ટીઝ, વિવિધ ઈન્સ્ટીટ્યુટ્સના નિયામકો, ડૅલીગેટ્સ અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## કલા ગુર્જરી દ્વારા ફિલ્મ સંગીતના સુવર્ણકાળનાં ગીતોનો કાર્યક્રમ





કલા ગુર્જરી દ્વારા તાજેતરમાં ટાઉનહોલ ખાતે ફિલ્મ સંગીતના સુવર્ણકાળના પરંતુ અનંતકાળ સુધી સંગીતની દુનિયા પર છવાઈ રહેનાર ગીતોના કાર્યક્રમ 'આજા રે...' નું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા તેના નવમા વર્ષના છેલ્લા કાર્યક્રમ તરીકે આ કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો, જે સભ્યોને સ્પર્શી ગયો હતો. લોક હૈયાંને સ્પર્શતા અને ખૂબ જાણીતા મહંમદ રફી, મુકેશ, લતા મંગેશકર, આશા ભોંસલે, ગીતાદત્ત, શમશાદ બેગમ, કિશોર કુમાર, હેમંતકુમાર, તલત મહેમુદ, મન્ના ડે સહિતના જાણીતા પાર્શ્વ ગાયકોના કંઠે ગવાયેલાં આ ગીતોને ગુજરાતના જાણીતા કલાકારો નીરજ પાઠક, સલીમ મલીક, ચિરાગ દેસાઈ, આનલ વસાવડા, પરીશી વર્મા અને પંકજ પાઠક દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં.







ગાંધીનગર ઉડીયા સમાજ દ્વારા આયોજીત ઉત્કલ દિવસની ઉજવણીની ઈવેન્ટને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબએના વિદ્યાર્થીઓ દ્વારા મેનેજ કરવામાં આવી અને વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કૃતિઓ પણ પ્રસ્તુત કરવામાં આવી હતી, તે પ્રસંગે લેવામાં આવેલી તસવીરોમાં વિદ્યાર્થીઓ ઉપરાંત ગુજરાત વીદ્યાપીઠના કુલપતિ અનામીક શાહ, પૂર્વ આઈ.એ.એસ અધિકારી એસ.કે નંદા, ગાંધીનગર ઉડીયા સમાજના અધ્યક્ષ એસ. કે. મિશ્રા, મહામંત્રી નરોત્તમ સાહુ સહિત અનેક મહાનુભાવો દૃશ્યમાન થાય છે. બીપી કૉલેજ ઓફ બીજનેસ એડમિનીસ્ટ્રેશનના આચાર્ય ડૉ. રમાકાંત પ્રસ્ટી કે જેઓ ગાંધીનગર ઉડીયા સમાજના સચિવ પણ છે, તેમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર કાર્યર્કને સફળતા અપાવવામાં આવી હતી. સમારોહના સમાપન સમયે આયોજકો દ્વારા કડી સર્વ વિશ્વ વિદ્યાલય પ્રતિ તેના દ્વારા મળતા અવિરત સહકાર માટે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## માનસિક વિશિષ્ટ બાળકો દ્વારા જાનદાર સ્ટેજ પરફોર્મન્સ





ધી અમદાવાદ મર્કેન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લિમિટેડ દ્વારા ગોલ્ડન જ્યુબિલી વર્ષની ઉજવણીના ભાગરૂપે નવજીવન ટ્રસ્ટના માનસિક વિશિષ્ટ બાળકો માટે ઠાકોરભાઈ દેસાઈ હૉલ, અમદાવાદ એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો દ્વારા હનુમાન ચાલીસા ડાન્સ, આર્મી ડાન્સ, રાજસ્થાની ડાન્સ, ગરબા, ફેન્સી ડ્રેસ જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ૮૦ જેટલાં બાળકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વાલીઓ, પ્રેક્ષકો વિશિષ્ટ બાળકોનું કલા પ્રદર્શન જોઈ હર્ષ પામ્યા હતા.

## "જિંદગી ન મિલેગી દોબારા"



યુવા વર્ગમાં અને ખાસ કરીને વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના કિસ્સો વધવા લાગ્યા છે ત્યારે જિંદગી કેટલી મહત્ત્વની છે એ દર્શાવતા એક વિશિષ્ટ કાર્યક્રમ 'જિંદગી ના મિલેગી દુબારા'નું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. યુવા વર્ગ દ્વારા આત્મહત્યાના બનાવો બાબતે ચિંતા વ્યક્ત કરી શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તજ્જ્ઞોની બેઠક બોલાવી હતી, જેને અનુલક્ષીને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલાની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ચૅરમૅન યોગેશભાઈ ગઢવી દ્વારા રવિશંકર રાવળ કલાભવન, અમદાવાદ ખાતે આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદ શહેરના ઝોન-૨ ના ડીસીપી ઊષા રાડા તથા જાણીતા સાઈકોલૉજીસ્ટ ડૉ. પ્રશાંત ભીમાણીએ ઉપસ્થિત રહી ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

# રજનું ગજ કે ગજનું રજ ?

હું એક લગ્નનાં રિસેપ્શનમાં ગયો. યજમાન મારા મિત્ર હતા ને તેના પુત્રના લગ્ન થયાં હતાં.

યજમાન મિત્ર ગેટ પરથી જ મારું સ્વાગત કરી રિસેપ્શન સ્ટેજ સુધી દોરી ગયા. મેં વરવધૂને શુભેચ્છાઓ આપી ને પછી હું અને યજમાન મિત્ર સ્ટેજ સામે રાખેલી ખુરશીઓમાં બેઠા. થોડીવાર પછી યજમાન મિત્ર અન્ય મહેમાનોના સ્વાગત માટે ગયા ને હું એકલો પડ્યો. મારી પાછળ ત્રણ-ચાર સ્ત્રીઓનું એક જૂથ બેઠું હતું ને તેઓ મોટે-મોટેથી વાતો કરતાં હતાં. તેમની વાતનો વિષય હતો યજમાન દંપતિ. હું તેમની વાતોને કાન દઈને ધ્યાનથી સાંભળતો હતો. વાતો બહુ રસપ્રદ હતી.

'અરે, તે બંને પતિ-પત્ની જેવા નહીં પણ બે મિત્રો હોય એવા જ લાગે છે.'

'બંને હંમેશાં સાથે જ હોય. લગ્ન પ્રસંગ, પાર્ટી, મરણ, શોપીંગ, મંદિર, હવેલી... જ્યાં જુઓ ત્યાં સાથે જ.'


'વર્ષો પહેલાં બંને વચ્ચે જેટલો લગાવ હતો એટલો આજે પણ અકબંધ.'

'શું વાત કરે છે ? બંને એકબીજા વિના રહીજ ના શકે !'

'બંનેના ચહેરા જુઓને, એક જ બીબામાં ઢાળેલા હોય એવા થઈ ગયા છે. આનું નામ તે સાચો પ્રેમ.'

આ દંપતિને હું છેલ્લાં વીસેક વર્ષથી ઓળખું છું. બંને વચ્ચેના અનર્ગલ પ્રેમ વિશે મને ખબર તો ન હતી અને મેં આ વિષે ક્યારેય વિચાર્યુ પણ ન હતું. સ્ત્રીઓની વાત સાંભળ્યા પછી આ દંપતિનાં સંબંધો વિશે મેં ઊંડાણથી વિચારવાનું શરૂ કર્યુ.

પતિ-પત્ની બંનેનું વ્યક્તિત્વ તદ્દન અલગ પ્રકારનું. કહો કે બંને એકબીજાથી સાવ અલગ-ઉત્તર ધ્રૂવ અને દક્ષિણ ધ્રૂવ જેવા. પત્ની સ્વભાવે બહિર્મુખી, કોઈપણ વ્યક્તિ સાથે બહુ ઝડપથી હળીમળી જાય - પછી તે સ્ત્રી હોય કે પુરુષ હોય, બાળક હોય કે વૃધ્ધ હોય, જાણીતા હોય કે અજાણ્યા હોય, ગરીબ હોય કે તવંગર હોય - તેમને પરિચય કરતાં થોડી ક્ષણો જ લાગે. વાતોડિયાં પણ એટલાં જ. સતત વાતો કરતાં રહે ને વાતો કરતાં થાકે જ નહિ. સૌને મદદ કરવાની ભાવના. અડધી રાતનો હોંકારો. તેના સગા-વહાલા-મિત્રોને અડધી રાતે પણ જરૂર પડે તો કોઈપણ પ્રકારના અણગમા વિના પહોંચી જાય. મોટું શહેર એટલે વારંવાર સગા-સ્નેહીઓ હોસ્પિટલના કામકાજ કે સારવાર અર્થે આવે તો હોંશભેર બધાને આગ્રહ કરીને ટિફિન પહોંચાડે. સ્વભાવ એકદમ સરળ, કોઈ જ પ્રકારનો આડંબર નહિ કે અભિમાન નહિ. શરીર ઉપર અને વ્યવહારમાં પણ સાદગી જોવા મળે.



પતિનું વ્યક્તિત્વ અલગ પ્રકારનું. સ્વભાવે સો ટકા બહિર્મુખ નહીં ને સો ટકા અંતર્મુખ પણ ન કહેવાય - કહો કે ફિફટી ફિફટી. તે કેટલીક વ્યક્તિઓ સાથે ખૂબ ઝડપથી હળીભળી જાય, કેટલીક વ્યક્તિઓ સાથે માત્ર હાય-હલ્લોનો જ વ્યવહાર રાખે ને કેટલીક વ્યક્તિ જોડે એટલો સંબંધ પણ ના કેળવે. સંબંધ કેળવવામાં તો તે મનના રાજા. જરૂર પૂરતું જ બોલવાનું. લોકોને મદદ કરવાની ભાવના ખરી પણ અતિ ઉત્સાહી થઈને નહીં. જરૂર પડે તો બધું જ ન્યોછાવર કરવાની તૈયારી, પણ બહુ ઓછી અને પસંદગીની વ્યક્તિઓ માટે જ. સાગમટે નહીં, થોડી સાદગી અને થોડા શોખ. આડંબર નહીં છતાં પોતાની જાતનું ગૌરવ જળવાય એવો હંમેશાં આગ્રહ રાખે. પૂરા સ્વમાની અને ક્યાંક, ક્યારેક, કેટલીક વ્યક્તિઓ સાથેના વર્તનમાં ગર્વ કે અભિમાન પણ દેખાય. કોઈને પણ, ક્યારેય પણ પોતાના થકી નુકસાન ન થાય એવી તકેદારી રાખનારા સો ટકાના માણસ.

વર્તનશાસ્ત્રમાં વ્યક્તિત્વનાં અનેક પ્રકારનોનાં વર્ણનો છે. એવું કહેવાય છે કે કોઈપણ બે વ્યક્તિનું વ્યક્તિત્વ અલગ-અલગ પ્રકારનું હોય, વિરોધાભાસી વ્યક્તિત્વ હોય તો બંને વચ્ચે મનમેળ થવો મુશ્કેલ બને છે. અલગ-અલગ પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિઓની માનસિકતા, વિચારધારા, રહેણી-કરણી-વર્તન-રીતભાત, શોખ, ખાણી-પાણી અને વ્યવહાર - બધું જ અલગ પ્રકારનું હોય છે. બે વિરોધાભાસી વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિઓનો સંબંધ બંધાય, એ લાંબો સમય ટકી રહે, વિકસે, ઘનિષ્ઠ બને, સંબંધ નિભાવી જાણે અને એ પણ પતિ-પત્ની તરીકે એ વાત જ ખરેખર આશ્ચર્યજનક લાગે.

મારા મિત્ર દંપતિના સુખી દાંપત્ય જીવનની ચાવી આ પ્રમાણે લાગે છે. બંનેની સહનશીલતા ગજબની. મૂંગા મોઢે સહન કરી લે પણ કોઈ વિરુદ્ધ એક હરફ ઉચ્ચારે નહિ. બંનેની એકબીજા માટેની ત્યાગભાવના પણ એટલી જ. બંને વચ્ચે ક્યારેક મતભેદ થાય, ખટરાગ થાય, જીભાજોડી થાય, ગેરસમજ થાય તો બંનેનો સ્વભાવ જ એવો કે 'રજનું ગજ' ના થવા દે, તેને બદલે 'ગજનું રજ' કરવાનો પ્રયાસ કરે. બંને વચ્ચે એક વણલખ્યો નિયમ કે જાહેરમાં એકબીજાની ટીકા-ટીપ્પણી ના કરવી, એકબીજાની તો નહીં જ પણ અન્ય કોઈ મિત્રો, સ્નેહીઓ કે સંબંધીઓની પણ નહીં. બંને એકબીજાની પસંદગી-નાપસંદગી બરાબર જાણે. એ પછી સ્વાદ હોય, રંગ હોય, કપડાં હોય, ફિલ્મો કે સંગીત હોય, શોખ હોય કે એકબીજાની પસંદગી-નાપસંદગીનું વર્તન હોય. બંને એકબીજાની પસંદગીને પૂરતું સન્માન આપે અને એકબીજાની પસંદગીની કાળજી પણ રાખે. આ દંપતિ વચ્ચે એકબીજા ઉપર દોષારોપણ કે આક્ષેપબાજીનો તો આપણે વિચાર સુધ્ધાં ન કરી શકીએ !

પતિ-પત્ની તરીકે સાથે રહેવું મહત્ત્વનું છે જ, પણ બંને કેવી રીતે રહે છે એ વધારે મહત્ત્વનું છે. આપણી આસપાસ પણ મારા મિત્ર દંપતિ જેવા અનેક દંપતિઓ વસતાં હશે. એમના જીવન, એમની રહેણી-કરણી, એમની સમજદારી ઉપર થોડો દૃષ્ટિપાત કરીએ તો સફળ દાંપત્યજીવનનાં રહસ્યો આપણે જાણી શકીએ. આ પ્રકારનાં દંપતિઓ થકી જ આ સમાજ અને સંસ્કૃતિ ટકી રહી છે. એમની પ્રેરણાથી, એમનાં ઉદાહરણથી, અન્ય અનેક દંપતિઓ સફળ બની રહ્યાં છે. દાંપત્યજીવન સફળ બનાવવું સહેલું છે, માત્ર જરૂર હોય છે સંનિષ્ઠ પ્રયાસોની.

vamlani2000@yahoo.co.uk

## સચિવાલય જીમખાના ખાતે ૧૯ એપ્રિલથી ૯ મે સુધી સમર કૅમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૫

સચિવાલય જીમખાના ખાતે આગામી ૧૯ એપ્રિલથી સમર કોચિંગ કૅમ્પનો આરંભ થઈ રહ્યો છે, જેમાં વિવિધ રમતોની તાલીમ તાલીમાર્થીઓને આપવામાં આવશે.

સમર કૅમ્પ અંગેની માહિતી આપતાં જીમખાનાના માનદ મંત્રીએ જણાવ્યું છે કે પ્રતિ વર્ષની માફક આ વખતે પણ સચિવાલય જીમખાના ખાતે ઉનાળુ વૅકેશનના સમય દરમ્યાન સમર કોચિંગ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૧૯ એપ્રિલથી ૯ મે સુધી આ કૅમ્પ આયોજિત કરવાં આવ્યો છે.

ક્રિકેટ, સ્કેટીંગ, વૉલીબૉલ, ટેબલ ટેનિસ, પૂલ-સ્નૂકર, કેરમ, ટેનિસ, બેડમિંટન, સ્વિમિંગ, ટેક્વોન, કરાટે, ચેસ જેવી રમતોની તાલીમ આ કૅમ્પ અંતર્ગત આપવામાં આવશે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે શહેરમાં ઉનાળા દરમ્યાન વિવિધ શિબિરો સફળતાપૂર્વક ચાલે છે અને આવી શિબિરોમાં તાલીમાર્થીઓ પણ મોટી સંખ્યામાં જોડાય છે. રમતગમત માટેના બે શિબિરો પૈકી આ એક શિબિર જીમખાના દ્વારા યોજવામાં આવે છે, જેને પણ તાલીમાર્થીઓનો પ્રતિસાદ સાંપડે છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
કિ ઍન્ડ કા
૧૨.૩૦, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
કુંગ ફુ પાંડા (અંગ્રેજી)
૧૧.૦૦, ૫.૦૦
કુંગ ફુ પાંડા (હિન્દી)
૧૨.૩૦, ૨.૩૦
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી અંગ્રેજી)
૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
કિ ઍન્ડ કા
૧૦.૦૦, ૪.૦૦, ૬.૩૦
રૉકી હૅન્ડસમ
૧૨.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૬**
રૉકી હૅન્ડસમ
૧૨.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૧૦.૦૦
કિ ઍન્ડ કા
૭.૪૫